183 2316 (१५९)


# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

જલસેવાભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ ટેલીફોન નંબરઃ૦૭૯-૨૩૨૨૦૮૫૬, ફેકસઃ૦૭૯-૨૩૨૨૨૬૮૪.cemgwssb@yahoo.co.in


જા.નં.મુ.ઇ.(યાં)/૨૦૧૨/ઉંડા પાતાળ કૂવા/પરિપત્ર/એમ-૨/૫૩૩ / તા.૧૬-૦૫-૨૦૧૨.

## પ રિ પ ત્ર.

**વિષયઃ- મિની/વ્યકિતગત પાઇપ પાણી પુરવઠા યોજનાના ઉંડા પાતાળ કૂવા પર પંપ હાઉસ બનાવવાના કામો અંગે..**

આમુખઃ બોર્ડ કચેરીના ધ્યાને આવ્યા મુજબ મિની પાઇપ પાણી પુરવઠા યોજનાઓ તથા વ્યકિતગત પાઇપ પાણી પુરવઠા યોજનાઓ માટે શારેલ સફળ બોર ઉપર પંપ હાઉસો બનાવવાના કામે વિલંબ થવાથી જે તે ગામ માટે શારેલ બોર સફળ થવા છતાં પંપીંગ મશીનરીઝ બેસાડવા તથા વિજકનેકશનો લેવામાં ખૂબજ વિલંબ થાય છે. આ બાબતે યાંત્રિક તથા સિવિલ શાખાના તાંત્રિક કર્મચારી/અધિકારીશ્રીઓ વચ્ચે સંકલનનો અભાવ જણાયેલ છે.

ખાસ કરીને ખેડા તથા આણંદ જીલ્લાઓમાં શારેલ સફળ બોર ઉપર લાંબા સમય ગાળા પછી પણ પંપ હાઉસો સમયસર નહીં બનાવતાં વિજકનેકશનો તથા પંપો બેસાડવાની કામગીરીમાં અસહ્ય વિલંબ થતાં ઉચ્ચ કક્ષાએથી ફરિયાદો ઉભી થવા પામેલ હતી. આથી સમયસરની કામગીરી પૂર્ણ થાય તથા વેળાસર લોકોને પાણી પહોંચતું થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની જરૂરિયાત ઉભી થયેલ છે.

આદેશઃ હાલમાં મિની પાઇપ પાણી પુરવઠા યોજનાનાં બધાં જ કમ્પોનન્ટ જેવાં કે બોર, પંપીંગ મશીનરીઝ, પંપ હાઉસ, હવાડા, પાઇપ લાઇન તથા સ્ટેન્ડપોસ્ટનાં કામો વગેરે યાંત્રિક શાખા ધ્વારા કરવામાં આવે છે. તે મુજબ હવેથી વ્યકિતગત પાઇપ પાણી પુરવઠા યોજના માટેનાં બોર, પંપીંગ મશીનરીઝ, વિજકનેકશનની કામગીરી અને પંપ હાઉસ બનાવવાની કામગીરી તથા જયાં પી.વી.સી.ટાંકી વગેરેનાં કામો કરવાનાં થતાં હોય તેવી કામગીરી યાંત્રિક વિભાગ ધ્વારા કરવાનાં રહેશે.

સભ્ય સચિવ

૧૯૦

100

નકલ સાદર રવાના પ્રતિઃ-

1. માન.અધ્યક્ષશ્રી, માન.અધ્યક્ષશ્રીનું કાર્યાલય,બોર્ડ કચેરી,ગાંધીનગર.

નકલ રવાના પ્રતિઃ-

2. મુ.ઇ.શ્રી (યાં), બોર્ડ કચેરી, ગાંધીનગર.
3. મુ.ઇ.શ્રી, (મોની./પ્લાનીંગ), બોર્ડ કચેરી, ગાંધીનગર.
4. મુ.ઇ.શ્રી, (ટેકનીકલ તથા પ્રોકયોરમેન્ટ, સિવિલ), બોર્ડ કચેરી, ગાંધીનગર.
5. મુ.ઇ.શ્રી, (ઝોન-૧,૨,૩,૪), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વડોદરા/ અમદાવાદ / રાજકોટ / ભૂજ. બોર્ડ કચેરી, ગાંધીનગર.
6. અધિક્ષક જીઓહાઇડ્રોલોજીસ્ટશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
7. નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
8. અ.ઇ.શ્રી (સર્વે)
9. કા.ઇ.શ્રી (સર્વે)
10. માસ્ટર ફાઇલ/સરકયુલ ફાઇલ.